**ક્રમાંક-૧૦**

**પત્રક ભાગ-૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**છઠ્ઠું સત્ર**
**બુધવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે મળ્યું.**

**૧. તારાંકિત પ્રશ્નોત્તરી**

બુધવાર, તા. ૧૧મી માર્ચ, ૨૦૨૦ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ-૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ અને ૮ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા તારાંકિત પ્રશ્નો અગ્રતાક્રમ ૯થી ૩૩૪ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

**૨. પોઇન્ટ ઓફ ઓર્ડર**

**ટાડા કાયદો રદ કરવા બાબતે પૂરાવા રજૂ કરવા અંગે**

માનનીય સભ્યશ્રી અમિતભાઇ ચાવડાએ રાજ્યકક્ષાના માનનીય ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા દ્વારા આજની પ્રશ્નોત્તરીના પેટા પ્રશ્નોના જવાબ દરમિયાન શ્રીમતી સોનિયા ગાંધીના ઇશારે ટાડા કાયદો રદ કરવામાં આવ્યો હોવા બાબતનો ઉલ્લેખ કરેલ. જે સંબંધમાં માનનીય મંત્રીશ્રીએ પૂરાવા રજૂ કરવા જોઇએ અથવા તો સભાગૃહની માફી માગવા બાબતે પોઇન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડરને ધ્યાને લઇ મંત્રીશ્રીને પુરાવા રજૂ કરવા જણાવ્યું.

**૩. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

(૧) તા.૦૨-૦૩-૨૦૨૦ના રોજ રાજ્યકક્ષાના માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સભ્યશ્રીઓ દ્વારા બે કે તેથી વધુ તારાંકિત પ્રશ્નોના જવાબો ક્લબ કરીને પેટા પ્રશ્નો પૂછવા બાબતે ઉપસ્થિત કરેલ પોઇન્ટ ઓફ ઓર્ડર માનનીય અધ્યક્ષશ્રીએ નામંજૂર કરવા બાબતના નિર્ણયની વાંચીને જાહેરાત કરી.

(૨) તા.૦૨-૦૩-૨૦૨૦ના રોજ વિપક્ષના નેતાશ્રી પરેશભાઇ ધાનાણીએ તારાંકિત પ્રશ્નોના જવાબોમાં વિસંગતતા બાબતે વિધાનસભાના નિયમોના નિયમ-૯૨ અન્વયે અડધા કલાકની ચર્ચાની માગણી કરેલ હતી. જે બાબતે માનનીય અધ્યક્ષશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર ક્યારે ઉઠાવી શકાય તે બાબતે સભાગૃહને વિશદ્ માર્ગદર્શન આપી, માનનીય વિપક્ષના નેતાશ્રીનો પોઇન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરવાના નિર્ણયની વાંચીને જાહેરાત કરી. માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોઇન્ટ ઓફ ઓર્ડર બાબતના માનનીય અધ્યક્ષશ્રીના ખૂબ જ ઉંડાણપૂર્વકના કરેલ અભ્યાસનો ઉલ્લેખ કરી, સભાગૃહના સભ્યશ્રીઓને માર્ગદર્શન આપવા બદલ માનનીય અધ્યક્ષશ્રીનો આભાર માન્યો તથા માનનીય અધ્યક્ષશ્રીએ ઉપર આપેલા બન્ને પોઇન્ટ ઓફ ઓર્ડરના નિર્ણયની નકલો સર્વે માનનીય સભ્યશ્રીઓની જાણ માટે તેમના પિજીયન બોક્સમાં મૂકવાની જાહેરાત કરી.

**૪. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ-૧૧૬)**

સભ્યશ્રી નૌશાદ સોલંકીએ નિયમ-૧૧૬ અન્વયે ''તાજેતરમાં વિશ્વભરમાં ફેલાઇ રહેલા કોરોના વાયરસથી લોકોમાં ચિંતા અને ભય ફેલાઇ રહ્યો છે. જેના દસેક શંકાસ્પદ કેસો ગુજરાતમાં પણ જોવા મળ્યા છે ત્યારે આપણા રાજ્યમાં આ કોરોના વાયરસ ન ફેલાય તે બાબત'' અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય અને પરિવાર કલ્યાણ)નું ધ્યાન દોર્યું.

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબો આપ્યા.

**૫. વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી રાઘવજીભાઇ પટેલે સમિતિનો સાતમો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

**૬. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રીનો પ્રસ્તાવ**

બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના માનનીય પ્રમુખશ્રી રાઘવજીભાઇ પટેલે નીચે મુજબનો પ્રસ્તાવ રજૂ કર્યો.

''આ સભાગૃહ, બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય.''

**પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**૭. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)**

ઉપર્યુક્ત વિષય પર તા.૬ઠ્ઠી માર્ચ ૨૦૨૦ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી, નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી બળદેવજી ઠાકોર
(૨) શ્રી વિવેક પટેલ
(૩) શ્રી પુંજાભાઇ વંશ
(૪) શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ
(૫) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૬) શ્રી કેસરીસિંહ સોલંકી
(૭) શ્રી ભગવાનભાઇ બારડ
(૮) શ્રીમતી ઝંખનાબેન પટેલ(પ્રવચન અધૂરું)

**વિરામ બપોરના ૨.૩૦થી ૩.૦૦**

વિરામ બાદ શ્રીમતી ઝંખનાબેન પટેલે પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યું. ત્યારબાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૯) શ્રી લાખાભાઇ ભરવાડ
(૧૦) શ્રી વિનોદભાઇ મોરડીયા
(૧૧) શ્રી કાંતિભાઇ સોઢાપરમાર
(૧૨) શ્રી મુકેશભાઇ પટેલ
(૧૩) શ્રી પ્રતાપ દૂધાત
(૧૪) શ્રી અરવિંદ રાણા
(૧૫) શ્રી ધનજીભાઇ પટેલ
(૧૬) શ્રીમતી સુમનબેન ચૌહાણ
(૧૭) શ્રીમતી ગેનીબેન ઠાકોર
(૧૮) શ્રી ગોવિંદભાઇ પરમાર
(૧૯) શ્રી જીગ્નેશકુમાર સેવક
(૨૦) શ્રી અજમલજી ઠાકોર
(૨૧) શ્રી કિશોરસિંહ ચૌહાણ
(૨૨) શ્રી અક્ષયકુમાર પટેલ
(૨૩) શ્રી પ્રવિણભાઇ ઘોઘારી
(૨૪) શ્રી સંજયભાઇ સોલંકી
(૨૫) શ્રી દેવાભાઇ માલમ
(૨૬) શ્રી પરેશ ધાનાણી (વિપક્ષના નેતાશ્રી)(પ્રવચન અધૂરું)

**૮. સભાગૃહનો સમય લંબાવવા અંગે**

સભ્યશ્રી શૈલેષભાઇ પરમારે માનનીય વિપક્ષના નેતાશ્રીના પ્રવચનને વધુ સમય ફાળવવા માટે સભાગૃહનો સમય વધારવા અંગેની દરખાસ્ત કરતાં, મુખ્ય દંડકશ્રી પંકજભાઇ દેસાઇએ સંમતિ આપતાં, માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહનો સમય લંબાવ્યો.

**૯. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ માનનીય વિપક્ષના નેતાશ્રીએ પોતાનું અધૂરું રહેલ પ્રવચન પૂર્ણ કર્યું.

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

**૧૦. નિયમ ૯૨ અન્વયે અરધા કલાકની ચર્ચા**

સભ્યશ્રી પુંજાભાઇ વંશે તા.૨૬મી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૩૨૨૧(અગ્રતાક્રમ–૩૩) ગાંધીનગર અને ગીર સોમનાથ જિલ્લામાં ખેતીના પાકોમાં થયેલ નુકસાન અંગેના માનનીય કૃષિ મંત્રીશ્રીએ આપેલા લેખિત જવાબ ઉપરથી ઉપસ્થિત કરેલી જાહેર અગત્યની બાબત ઉપર અરધા કલાકની ચર્ચાનો મુદ્દો ઉપસ્થિત કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

ઉપસ્થિત કરેલ મુદ્દાઓના અન્ય સભ્યશ્રીઓએ પૂછેલા પ્રશ્નોના જવાબો માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુએ આપ્યા.

**૧૧. માનનીય અધ્યક્ષશ્રીની ટકોર**

**સભ્યશ્રીઓએ પૂછેલા પ્રશ્નોના જ યોગ્ય જવાબ આપવા બાબત.**

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રીઓ દ્વારા જે પ્રશ્નો પૂછવામાં આવે છે તેના જ વિભાગોએ ગંભીરતાપૂર્વક યોગ્ય જવાબ આપવા જોઇએ. જો તેમ કરવામાં નહીં આવે તો આ બાબતે જે તે વિભાગના અધિકારીને જવાબદાર ગણીને વિશેષાધિકાર ભંગની કાર્યવાહી કરવી જોઇએ કે કેમ તે અંગે તેઓશ્રી ગંભીરતાપૂર્વક વિચારશે તેમ જણાવ્યું.

**સભાગૃહ, ગુરુવાર, તા. ૧૨મી માર્ચ ૨૦૨૦ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૪૨ વાગ્યે મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તા. ૧૧મી માર્ચ , ૨૦૨૦**

**ડી.એમ.પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**